ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૧૫/ ૩૧
જીઆઈડીસી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા. ૦૯/૦૮/૨૦૧૨.

// પરિપત્ર //

વિષય: નિગમની વસાહતોમાં શૈક્ષણિક અને સ્વાસ્થ્યની સુવિધા માટે ફાળવણીની નીતિ.
સંદર્ભ: પરિપત્ર ક્રમાંક:ઓએન્ડએમ/સીઆઈઆર/એએલટી/પીઓએલ/૧૫/૩૧/૫૨૪/૯૪,
તા. ૨૧/૦૧/૧૯૯૫.

નિગમની વસાહતોમાં શૈક્ષણિક સંસ્થાઓ તેમજ સ્વાસ્થ્યની સુવિધા માટે હોસ્પીટલની સ્થાપના અર્થે અવારનવાર રજુઆતો મળતી રહે છે. ઘણા કિસ્સાઓમાં આવી સુવિધાઓ લોકઉપયોગી તેમજ પાયાની હોવાથી તેના માટે જરુરી જમીન ટોકન ભાવે અથવા રાહત દરે ફાળવવા માટે રજુઆત મળતી રહે છે. હવે ઉપરાંત જ્યારે પણ આવી કોઈ રજુઆત મળે ત્યારે નિગમની તા. ૧૧/૦૭/૨૦૧૨ અને તા. ૧૬/૦૭/૨૦૧૨ ના રોજ મળેલ ૪૬૬ મી સભામાં પસાર કરવામાં આવેલ ઠરાવ ક્રમાંક : ૮૭/વિતરણ/૪૬૬/૨૦૧૨ મુજબ નીચેનાં કોસ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે જમીનની ફાળવણી તેની સામે દર્શાવેલ શરતોને આધીન કરવાની રહેશે.

(૧) પ્રાથમિક, માધ્યમિક તથા હાઈસ્કુલ અને કોલેજ માટે જમીનની ફાળવણી તથા રાહતની નીતિ.

| ક્રમ. નં. | ફાળવણી જેને કરવાની છે તે સંસ્થા | ફાળવવા પાત્ર મહતમ જમીન (હેકટરમાં) | ફાળવણી વખતે વસાહતના પ્રવર્તમાન ઔદ્યોગિક ફાળવણી દરમાં આપવાની થતી રાહત. (ટકાવારીમાં) | કોલમ નં. ૩ માં દર્શાવ્યા ઉપરાંતની વધારાની જમીનની ફાળવણી માટેનો દર |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| ૧. | સરકાર ધ્વારા સ્થાપવામાં આવતી પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અને હાઈસ્કુલ | ૨ | ટોકન દર (પ્રતિ ચો.મી. રૂ. ૧/– લેખે). | ફાળવણી વખતે વસાહતનો પ્રવર્તમાન ઔદ્યોગિક દર* |
| ૨. | સરકાર ધ્વારા સ્થાપવામાં આવતી ઉચ્ચતર શિક્ષણ માટેની સંસ્થાઓ. | ૨ | ટોકન દર (પ્રતિ ચો.મી. રૂ. ૧/– લેખે). | ફાળવણી વખતે વસાહતનો પ્રવર્તમાન ઔદ્યોગિક દર* |
| ૩. | કેન્દ્ર કે રાજય સરકારના જાહેર સાહસો અથવા આવા સાહસો ધ્વારા ઉપરોક્ત ઉદ્દેશ માટે સ્થાપવામાં આવેલ ટ્રસ્ટ/ સોસાયટી ધ્વારા સ્થાપવામાં આવનાર પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અને હાઈસ્કુલ તેમજ ઉદ્યોગોને સંલગ્ન કોર્ષીસ ચલાવતી / તાલીમ આપતી સંસ્થાઓ. | ૨ | ૩૫ % | ફાળવણી વખતે વસાહતનો પ્રવર્તમાન ઔદ્યોગિક દર* |
| ૪. | રાજ્ય સરકાર ધ્વારા જેનો વહીવટ કરવામાં આવે છે તેવી કંપનીઓ અથવા આવા સાહસો ધ્વારા ઉપરોક્ત ઉદ્દેશ માટે સ્થાપવામાં આવેલ ટ્રસ્ટ/સોસાયટી ધ્વારા સ્થાપવામાં આવનાર પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અને હાઈસ્કુલ. તેમજ ઉદ્યોગોને સંલગ્ન કોર્ષીસ ચલાવતી/તાલીમ આપતી સંસ્થાઓ. | ૨ | ૩૫ % | ફાળવણી વખતે વસાહતનો પ્રવર્તમાન ઔદ્યોગિક દર* |
| ૫. | ખાનગી સંસ્થા ધ્વારા સ્થાપવામાં આવનાર પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, હાઈસ્કુલ. માન. અગ્રસચિવશ્રી (શિક્ષણ) તથા ઉપા. અને વ.સં.શ્રી: ધ્વારા બનેલી કમિટીની મંજુરી મુજબ. | ૨ | ૩૦ % | ફાળવણી વખતે વસાહતનો પ્રવર્તમાન ઔદ્યોગિક દર* |

ASSISTANT MANAGER (ALT)-II

(પાછળ...)

(૨) હોસ્પીટલ સ્થાપવા માટે જમીનની ફાળવણી તથા તે અંગે રાહતની નીતિ.

| ક્રમ નં. | ફાળવણી જેને કરવાની છે તે સંસ્થા | ફાળવવા પાત્ર મહત્તમ જમીન (હેક્ટરમાં) | ફાળવણી વખતે વસાહતના પ્રવર્તમાન ઔદ્યોગિક ફાળવણી દરમાં આપવાની થતી રાહત. (ટકાવારીમાં) | કોલમ નં. ૩ માં દર્શાવ્યા ઉપરાંતની વધારાની જમીનની ફાળવણી માટેનો દર |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| ૧. | સરકાર ધ્વારા સ્થાપવામાં આવતી હોસ્પીટલ. | ૨ | ટોકન દર (પ્રતિ ચો.મી. રૂ. ૧/- લેખે) | ફાળવણી વખતે વસાહતનો પ્રવર્તમાન ઔદ્યોગિક દર* |
| ૨. | કેન્દ્ર કે રાજય સરકારના જાહેર સાહસો ધ્વારા સ્થાપવામાં આવનાર હોસ્પીટલ અથવા આવા સાહસો ધ્વારા ઉપરોક્ત ઉદ્દેશ માટે સ્થાપવામાં આવેલ ટ્રસ્ટ/ સોસાયટી ધ્વારા સ્થાપવામાં આવનાર હોસ્પીટલ. | ૨ | ૩૫ % | ફાળવણી વખતે વસાહતનો પ્રવર્તમાન ઔદ્યોગિક દર* |
| ૩. | રાજય સરકાર ધ્વારા જેનો વહીવટ કરવામાં આવે છે તેવી કંપનીઓ અથવા આવા સાહસો ધ્વારા ઉપરોક્ત ઉદ્દેશ માટે સ્થાપવામાં આવેલ ટ્રસ્ટ/સોસાયટી ધ્વારા સ્થાપવામાં આવનાર હોસ્પીટલ. | ૨ | ૩૫ % | ફાળવણી વખતે વસાહતનો પ્રવર્તમાન ઔદ્યોગિક દર* |

*જે ઔદ્યોગિક વસાહતમાં કોઈપણ ઔદ્યોગિક ઝોન વિકસાવેલ ન હોય દા.ત. અટાલી હાઉસીગ તેવી વસાહતમાં તે વસાહતનો જે તે ઝોનનો દર લાગુ કરવાનો રહેશે.

સામાન્યતઃ નિગમની વસાહતોમાં વાણીજય હેતુ માટે નીમ થયેલ પ્લોટ ઉપરોક્ત હેતુઓ માટે ફાળવવાનાં રહેશે નહિં. પરંતુ જો કોઈ કિસ્સામાં ફક્ત વાણીજય પ્લોટ ઉપર જ ઉપરોક્ત હેતુઓ માટે સ્થાપવામાં આવનાર સંસ્થા સ્થાપી શકાય તેમ હોય તો એવા કિસ્સામાં નિગમના નિયામક મંડળની મંજુરી મેળવીને જે તે વસાહતના પ્રવર્તમાન વાણીજય હેતુ માટેના દરમાં ઉપરોક્ત કોષ્ટકનાં કોલમ નં. ૪ માં દર્શાવેલ રાહત આપી, ફાળવણી કરવાની રહેશે.

વધુમાં આવી ઉપર જણાવેલ તમામ બાબતોની મંજુરી વડી કચેરીએથી મેળવવાની રહેશે, અને આવી મંજુરી આપવાની તમામ સત્તા નિગમના ઉપા. અને વહી. સંચાલકને છે.

આ પરિપત્રનો ચુસ્તપણે અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ કાર્યપાલક નિયામકશ્રી ના નામજોગ પાઠવવી.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

⇒ નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.
⇒ પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ
⇒ નિગમની તમામ વસાહતોના માન્ય ઔધોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણ સારૂ.
⇒ મેનેજરશ્રી (એસ. એન્ડ એ.), જીઆઈડીસી, ગાંધીનગર તરફ સદર પરિપત્ર નિગમની વેબસાઈટ ઉપર દર્શાવવાની કાર્યવાહી કરવા સારૂ.

રવાના કર્યું
જનરલ મેનેજર ( ઈ એન્ડ એ)